Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


Make Safety Your Top Priority
Application for KSB Make Fire Fighting Pumps
Industries & Factories
Commercial & Residential Buildings
Hospitals, Hotels, Malls, Schools & Colleges
Pooja Agencies
'POOJA HOUSE' 2/860, RING ROAD, OPP. SUB-JAIL, SURAT-395002. GUJARAT
Phone :-+91-261-2313450/2328450
E-mail: Surat @poojagroup.com

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર વદ ચૌદસ ગુરુવાર ૧૬ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૪૭

પાનાં ૧૦+૪ કિંમત ₹ ૫.૦૦

# ઈરાન સાથેનું યુદ્ધ સમાપ્તીના આરે : ટ્રમ્પ

**ફરીથી** થનારી શાંતિ વાટાઘાટમાં વાન્સ નેતૃત્વ કરશે કે નહીં તે ટ્રમ્પે સ્પષ્ટ ન કર્યું

**ઈરાનને** યુદ્ધની અસરમાંથી બેઠું થતા 20 વર્ષ જેટલો લાંબો સમય લાગી શકે : ટ્રમ્પ

**વોશિંગ્ટન, તા. 15 (PTI):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન સાથેનું યુદ્ધ હવે 'અંતની નજીક' છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે જો તેઓ અત્યારે સૈન્ય કાર્યવાહી રોકી દે, તો પણ તેહરાનને દેશનું પુનઃનિર્માણ કરવામાં 20 વર્ષ જેટલો લાંબો સમય લાગી જશે.

ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે યુએસ સેન્ટ્રલ કમાન્ડ દ્વારા ઈરાની બંદરો અને દરિયાકાંઠાના વિસ્તારોની સફળતાપૂર્વક નાકાબંધી કરવામાં આવી છે. અમેરિકાએ દાવો કર્યો છે કે તે સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થતા જહાજો માટે અવર જવરની સ્વતંત્રતાને ટેકો આપી રહ્યું છે.

એક ટેલિવિઝન ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે સ્પષ્ટ કર્યું હતું કે જો તેમણે આ આક્રમક પગલાં ન લીધા હોત, તો અત્યાર સુધીમાં ઈરાન પરમાણુ શસ્ત્રો ધરાવતું હોત. તેમણે કહ્યું કે તેઓ ઈરાનને પરમાણુ શસ્ત્રો ધરાવવા દઈ શકે નહીં.



## યુદ્ધ લગભગ પૂરું થયાની વાત છતાં ટ્રમ્પ મધ્ય પૂર્વમાં 10,000 વધુ સૈનિકો મોકલશે

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેનું યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થઈ શકે છે એવી જાહેરાત તો કરી છે પરંતુ વોશિંગ્ટન હોર્મુઝ સ્ટ્રેટના નાકાબંધી અને તેહરાનના પરમાણુ સંવર્ધનને લઈને તણાવ ચાલુ હોવાથી સાવચેતીભર્યા અભિગમ સાથે હજારો વધારાના સૈનિકોની તૈનાતી સાથે મધ્ય પૂર્વમાં તેની લશ્કરી હાજરી વધારી રહ્યું છે. ધ વોશિંગ્ટન પોસ્ટ અનુસાર

...અનુસંધાન પાના 8 પર

ઈસ્લામાબાદમાં યોજાયેલી ઐતિહાસિક મેરેથોન શાંતિ વાટાઘાટોમાં કોઈ સમજૂતી ન થયા પછી, હવે આગામી 2 દિવસમાં

...અનુસંધાન પાના 8 પર

## ટ્રમ્પની હોર્મુઝ સામુદ્રધુની 'કાયમી ધોરણે ખુલ્લું' રાખવાની જાહેરાત

**ટ્રમ્પ** અને શી જિનપિંગ વચ્ચે મોટી ડીલ, ચીન ઈરાનને હથિયાર નહીં આપે

**ટ્રમ્પની** આગામી બીજિંગ મુલાકાત પહેલા વૈશ્વિક તેલ સંકટ હળવું થવાની આશા

**વોશિંગ્ટન, તા. 15:** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક અત્યંત મહત્વની જાહેરાત કરતા જણાવ્યું છે કે, વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવી 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' (હોર્મુઝ સામુદ્રધુની) હવે 'કાયમી ધોરણે ખુલ્લું' રહેશે. આ જાહેરાત ટ્રમ્પ અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે થયેલી ગુપ્ત વાતચીત બાદ કરવામાં આવી છે. ટ્રમ્પનો દાવો છે કે ચીની નેતા ઈરાનને હથિયારો પૂરા પાડવાનું બંધ કરવા સંમત થયા છે. ટ્રમ્પે લખ્યું હતું કે, 'ચીન ખૂબ જ ખુશ છે કે

...અનુસંધાન પાના 8 પર

### ચીનની ભૂમિકા અને આગામી બેઠક

ચીન અને રશિયા પાંચ અઠવાડિયાથી ચાલી રહેલા આ યુદ્ધમાં ઈરાનને સેટેલાઈટ ઈમેજરી અને ઈન્ટેલિજન્સ દ્વારા મદદ કરી રહ્યા હતા, જેનો ઉપયોગ અમેરિકી બેઝ પર હુમલા કરવા માટે થતો હતો. હવે, મે મહિનાના મધ્યમાં ટ્રમ્પ અને જિનપિંગ બીજિંગમાં મળવાના છે. આ ટ્રમ્પની ઈરાન યુદ્ધ શરૂ થયા પછીની પ્રથમ મોટી વિદેશ યાત્રા હશે. ચીન માટે હોર્મુઝનો માર્ગ ખુલ્લો રહેવો અત્યંત જરૂરી છે કારણ કે તે તેની 40% ઉર્જા જરૂરિયાતો આ માર્ગે પૂરી કરે છે. આ યુદ્ધ અને નાકાબંધીને કારણે અમેરિકામાં મોંઘવારી વધી છે અને પેટ્રોલના ભાવ 4.10 ડોલર પ્રતિ ગેલન સુધી પહોંચી ગયા છે, જ્યારે ક્રૂડ ઓઈલ 100 ડોલર પ્રતિ બેરલની ઉપર છે. બીજી તરફ, ઈરાને પણ ડ્રોન અને નૌકાદળ દ્વારા આ માર્ગમાં અવરોધો ઊભા કરવાનો પ્રયાસ કર્યો હતો. શાંતિ વાટાઘાટો મુખ્યત્વે પરમાણુ કાર્યક્રમ પર અટકી છે, જ્યાં અમેરિકા 20 વર્ષ માટે યુરેનિયમ સંવર્ધન બંધ કરવાની માંગ કરી રહ્યું છે, જ્યારે ઈરાન માત્ર 5 વર્ષ માટે તૈયાર છે. ટ્રમ્પે એવો પણ સંકેત આપ્યો છે કે આગામી 48 કલાકમાં કોઈ મોટો અને આશ્ચર્યજનક સોદો જોવા મળી શકે છે. તેમણે દાવો કર્યો છે કે, 'જો હું પ્રમુખ ન હોત, તો દુનિયાના ટુકડે-ટુકડા થઈ ગયા હોત.

### ઈરાને ગલ્ફ વેપાર બ્લોક કરવાની ચેતવણી આપી

**કેરો.** અમેરિકા દ્વારા ઈરાની બંદરો પર લાદવામાં આવેલી નાકાબંધીના જવાબમાં ઈરાને આકરી ચેતવણી આપી છે. ઈરાનના સંયુક્ત સૈન્ય કમાન્ડના કમાન્ડર અલી અબ્દુલ્લાહીએ જણાવ્યું છે કે જો અમેરિકા આ નાકાબંધી તાત્કાલિક નહીં હટાવે, તો ઈરાન પર્સિયન ગલ્ફ, ઓમાનનો સમુદ્ર અને લાલ સમુદ્ર (Red Sea) માંથી થતા તમામ નિકાસ-આયાત વેપારને સંપૂર્ણપણે રોકી દેશે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે તે તેની રાષ્ટ્રીય સાર્વભૌમત્વ અને હિતોની રક્ષા

...અનુસંધાન પાના 8 પર





■ ભારત અને પાકિસ્તાનમાં, શીખોએ બૈશાખીનો તહેવાર ભજન અને સંગીત સાથે ઉજવીને ખેતી પાક માટે આભાર માન્યો અને આગામી વર્ષમાં વિપુલતા માટે પ્રાર્થના કરી. આ તહેવાર શીખ વર્ષના બીજા મહિનાની શરૂઆતમાં આવે છે. પાકિસ્તાનમાં, આ પ્રસંગની ઉજવણી માટે હજારો શીખ મંદિરોમાં એકઠા થયા હતા, જેમાં દેશના પૂર્વી પંજાબ પ્રાંતમાં હસન અબ્દાલમાં ગુરુદ્વારા પંજા સાહિબ ખાતે 2,000 થી વધુ ભારતીય યાત્રાળુઓનો સમાવેશ થાય છે. ઈન્સેટમાં એક પોલીસ અધિકારી છત પરથી કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેના માટે સતર્કતાથી નજર રાખી રહેલો તસવીરમાં જોવા મળે છે.

## દિલ્હી ડાયરી

### ભારતની વિદેશ નીતિમાં મોટો ફેરફારઃ ઈરાન પ્રત્યેના વલણમાં નરમાશ

ગયા ૫ માર્ચના રોજ વિદેશ સચિવ વિક્રમ મિસરીએ નવી દિલ્હીમાં ઈરાની દૂતાવાસની મુલાકાત લીધી અને શહીદ ઈરાની નેતા આયાતુલ્લા અલી ખામેની માટે શોક પુસ્તિકામાં હસ્તાક્ષર કર્યા, ત્યાર બાદ અમેરિકા-ઈરાન સંઘર્ષ પર ભારતના વલણમાં એક નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. આ અગાઉ, ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા-ઈઝરાયેલ દળો દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલામાં ખામેનીના મૃત્યુ પર ભારત સરકારે મૌન જાળવી રાખ્યું હતું. ૫ માર્ચ પહેલાં, જે ભારતીય રાજદૂતોએ માર્ગદર્શન માટે નવી દિલ્હીનો સંપર્ક કર્યો હતો, તેમને શરૂઆતમાં તેમના દેશોમાં ઈરાની કોન્સ્યુલેટની શોક પુસ્તિકામાં હસ્તાક્ષર ન કરવા અને કોઈ ટિપ્પણી ન કરવાની સલાહ આપવામાં આવી હતી. મિસરી, જેઓ વડા પ્રધાન કાર્યાલયમાં સંયુક્ત સચિવ તરીકે કામ કરી ચૂક્યા છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના અંગત સચિવ પણ રહી ચૂક્યા છે, તેઓ સીધા વડા પ્રધાનના સંપર્કમાં હોવાનું મનાય છે. તેમની શોક મુલાકાત બાદ, દરેક જગ્યાએ ભારતીય રાજદૂતોએ તે જ માર્ગ અપનાવ્યો. મિસરીને અમેરિકામાં ભારતના રાજદૂત વિનય ક્વાત્રાના સંભવિત અનુગામી તરીકે જોવામાં આવી રહ્યા છે, જેમનો વિદેશ સચિવ તરીકેનો કાર્યકાળ ૧૪ જુલાઈએ સમાપ્ત થાય છે.

...અનુસંધાન પાના 8 પર

## ઈરાન યુદ્ધ સમાપ્ત થતા જ તેલના ભાવમાં મોટો ઘટાડો થશેઃ ટ્રમ્પ

**ટ્રમ્પે** નવેમ્બરની ચૂંટણી સુધીમાં ઈંધણના ભાવમાં ધરખમ ઘટાડાની આગાહી કરી

વોશિંગ્ટન, તા. 15 (એપી): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન સાથેનું યુદ્ધ સમાપ્ત થયા પછી તેલના ભાવમાં ખૂબ જ મોટો ઘટાડો

ઉલ્લેખનીય છે કે, રવિવારે ફોક્સ ન્યૂઝને આપેલા એક ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું હતું કે નવેમ્બરની ચૂંટણી સુધીમાં ઈંધણના ભાવ અત્યારે છે તેટલા જ અથવા તેનાથી થોડા વધારે હોઈ શકે છે. જોકે, મંગળવારે વ્હાઈટ હાઉસ ખાતે રેકોર્ડ કરાયેલા અન્ય એક ઈન્ટરવ્યુમાં તેમણે આ અંગે સ્પષ્ટતા કરી હતી અને ટીકાઓથી બચવાનો પ્રયાસ કર્યો હતો.

ટ્રમ્પે દાવો કર્યો હતો કે તેમના અગાઉના નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું કે તેઓ અત્યારે પ્રતિ બેરલ આશરે 92 ડોલરની કિંમતથી સંતુષ્ટ છે, પરંતુ યુદ્ધનો અંત આવતાની સાથે જ કિંમતોમાં મોટો ઘટાડો થશે. તેમણે આગાહી કરી હતી કે ગેસના ભાવ, જે હાલમાં સરેરાશ 4 ડોલર પ્રતિ ગેલનથી થોડા વધારે છે, તે નવેમ્બરમાં યોજાનારી કોંગ્રેસની ચૂંટણી સુધીમાં ઘણા નીચે આવી જશે. ટ્રમ્પે ભારપૂર્વક કહ્યું કે જ્યારે આ સંઘર્ષનો ઉકેલ આવશે, ત્યારે ગેસ અને તેલના ભાવમાં જબરદસ્ત ઘટાડો જોવા મળશે. તેમણે આશાવાદ વ્યક્ત કર્યો હતો કે ઈરાન સાથેનો સંઘર્ષ ખૂબ જ જલ્દી ઉકેલાઈ જશે.

ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યારે આ યુદ્ધનો મામલો થાળે પડશે, ત્યારે ગેસ અને તેલના ભાવમાં જબરદસ્ત ઘટાડો થશે, જેનો સીધો ફાયદો સામાન્ય જનતાને મળશે. યુદ્ધના કારણે અત્યારે તેલના પુરવઠા અને તેની કિંમતો પર જે દબાણ છે, તે શાંતિ સ્થાપવામાં આવે તેની સાથે જ દૂર થઈ જશે તેવો ભરોસો પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

## ટ્રમ્પ અને મેલોની વચ્ચે વાકયુદ્ધ ઈરાને ટ્રમ્પની મજાક ઉડાવી

**પોપની** ટીકા મામલે મેલોનીએ ટ્રમ્પનો સાથ છોડ્યો, ઈરાને ઇટાલીને નવી દોસ્તીની ઓફર કરી



**નવી દિલ્હી, તા. 15:** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોની વચ્ચેના સંબંધોમાં ભારે ખટરાગ ઊભો થયો છે. મેલોનીએ પોપ લિયો-XIV પર કરવામાં આવેલી ટ્રમ્પની ટીકાને અસ્વીકાર્ય ગણાવતા ટ્રમ્પ રોષે ભરાયા છે. ટ્રમ્પે વળતો પ્રહાર કરતા કહ્યું કે તેઓ મેલોનીના વલણથી આઘાતમાં છે અને તેમને મેલોની પાસેથી હિંમતની આશા હતી. ટ્રમ્પે મેલોની પર ઈરાન સામે નરમ વલણ રાખવાનો અને હોર્મુઝની સામુદ્રધુની ખોલવામાં મદદ ન કરવાનો આરોપ લગાવતા કહ્યું કે ઈટાલી દુનિયામાં સૌથી વધુ ઉર્જા ખર્ચ ચૂકવે છે છતાં લડવા તૈયાર નથી.

ઉલ્લેખનીય છે કે ઈરાન યુદ્ધનો વિરોધ કરવા બદલ ટ્રમ્પે પોપ લિયો XIV ને 'ગુનાખોરી રોકવામાં નબળા' અને 'વિદેશ નીતિ માટે ખરાબ' ગણાવ્યા હતા. ત્યારબાદ, તેમણે સોશિયલ મીડિયા પર પોતાની સરખામણી ઈસુ ખ્રિસ્ત (Jesus) સાથે કરતી તસવીર મૂકી હતી.

મેલોનીએ ટીકા કર્યા બાદ ટ્રમ્પે આરોપ લગાવ્યો કે મેલોનીને કોઈ ફરક પડતો નથી જો ઈરાન અણુ હથિયાર મેળવી લે જે ઈટાલીને બે મિનિટમાં નેસ્તાનુબૂદ કરી શકે છે.

બીજી તરફ, ઈરાને આ વિવાદનો લાભ ઉઠાવીને સોશિયલ મીડિયા પર ટ્રમ્પની મજાક ઉડાવી છે. તેહરાનના રાજદ્વારી મિશને ટ્રમ્પને કમાન્ડર ઈન ગ્રીફ અને પાવરફૂલના બદલે પાવર'ફૂલ' (Powerfool) કહીને સંબોધ્યા છે. ઈરાને વ્યંગમાં ઈટાલીને પોતાની સાથે જોડાવા ઓફર કરતા કહ્યું કે તેમની પાસે 7000 વર્ષની સંસ્કૃતિ છે.

આ વિવાદ એવા સમયે વકર્યો છે જ્યારે ઈરાન યુદ્ધને કારણે ઈટાલીમાં ઉર્જાના ભાવ આસમાને પહોંચ્યા છે અને મેલોનીએ અમેરિકી બોમ્બરોને પોતાના એરબેઝનો ઉપયોગ કરવાની મનાઈ ફરમાવી છે.

## ભારતના સૌથી મોટા ટ્રેડિંગ પાર્ટનર તરીકે ચીન ફરી ટોચ પર

**આ યાદીમાં** અમેરિકા બીજા ક્રમે ખસ્યું ચીન સાથેની વેપાર ખાધ વધીને 112 અબજ ડોલરને પાર

**નવી દિલ્હી, તા. 15 (PTI):** નાણાકીય વર્ષ 2025-26માં ચીન ફરી એકવાર અમેરિકાને પછાડીને ભારતનું સૌથી મોટું ટ્રેડિંગ પાર્ટનર (વ્યાપારી ભાગીદાર) બની ગયું છે. સરકારી આંકડા મુજબ, ભારત અને ચીન વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર 151.1 અબજ ડોલર પર પહોંચ્યો છે.

જોકે, આ દરમિયાન ચીન સાથેની ભારતની વેપાર ખાધ વધીને 112.16 અબજ ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગઈ છે, જે ચિંતાનો વિષય છે.

છેલ્લા ચાર વર્ષથી અમેરિકા ભારતનું સૌથી મોટું ટ્રેડિંગ પાર્ટનર હતું, પરંતુ હવે તે બીજા સ્થાને આવી ગયું છે. ગત નાણાકીય વર્ષમાં ચીન ખાતે ભારતની નિકાસ 36.66 ટકા વધીને 19.47 અબજ ડોલર થઈ છે, જ્યારે ત્યાંથી થતી આયાત પણ 16 ટકા વધીને 131.63 અબજ ડોલર પર પહોંચી છે. બીજી તરફ, અમેરિકા સાથેનો ભારતનો વેપાર સરપ્લસ (નફો) ઘટ્યો છે.

અમેરિકામાં ભારતની નિકાસ માત્ર 0.92 ટકા વધીને 87.3 અબજ ડોલર રહી છે, જ્યારે ત્યાંથી આયાત 15.95 ટકા વધીને 52.9 અબજ ડોલર થઈ છે.

વાણિજ્ય મંત્રાલયના ડેટા અનુસાર, ચીન અગાઉ 2013-14 થી 2017-18 અને 2020-21માં ભારતનું ટોચનું ટ્રેડિંગ પાર્ટનર રહી ચૂક્યું છે. અન્ય દેશોની વાત કરીએ તો, નેધરલેન્ડ, યુકે અને સિંગાપોર જેવા દેશોમાં ભારતની નિકાસમાં ઘટાડો નોંધાયો છે, જ્યારે યુએઈ, જર્મની અને ઈટાલી જેવા દેશોમાં નિકાસમાં વધારો થયો છે. રશિયા અને ઈરાક જેવા દેશોમાંથી થતી આયાતમાં ઘટાડો જોવા મળ્યો છે.

## પુનઃ સીમાંકનના વિરોધમાં મતદાન કરવા વિપક્ષ એકજૂથ

**દક્ષિણના** રાજ્યોના અવાજને દબાવવાનું કાવતરું હોવાનો વિપક્ષનો આરોપ

**સ્ટાલિને** આજે સમગ્ર તમિલનાડુમાં 'કાળા ઝંડા' પ્રદર્શનની જાહેરાત કરી

**ચેન્નાઈ-નવી દિલ્હી, તા. 15 (PTI):** દેશભરના વિરોધ પક્ષોએ મતવિસ્તારોના પુનઃસીમાંકન મુદ્દે કેન્દ્રની ભાજપ સરકાર સામે એકસૂરે મોરચો માંડ્યો છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખરગેએ દિલ્હીમાં જાહેરાત કરી છે કે તમામ વિપક્ષી દળો સંસદમાં આ સુધારા વિરુદ્ધ એકજૂથ થઈને મતદાન કરશે.

...અનુસંધાન પાના 8 પર

### રાહુલ ગાંધીએ લગાવ્યા 'હિસ્સા ચોરી' અને 'સત્તા કબજે' કરવાનો આરોપ

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડા પ્રધાન મોદી પર ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, મહિલા અનામત અને પુન:સીમાંકનના બહાને તેઓ ઓબીસી સમુદાયના અધિકારોની 'હિસ્સા ચોરી' કરી રહ્યા છે અને સત્તા કબજે કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, જે 'દેશવિરોધી' પ્રવૃત્તિ છે. તેમણે કહ્યું કે સરકાર જાતિ ગણતરીના ડેટાને બદલે 2011ની વસ્તી ગણતરીનો ઉપયોગ કરીને પછાત વર્ગોને તેમના હકથી વંચિત રાખવા માંગે છે. રાહુલે ચેતવણી આપી કે પુન:સીમાંકનથી

...અનુસંધાન પાના 8 પર

## મુનીરની આગેવાનીમાં પાક. પ્રતિનિધિમંડળ ઈરાન પહોંચ્યું

**ઈસ્લામાબાદ, તા. 15 (PTI):** અમેરિકા અને ઈરાન વચ્ચેના સંઘર્ષને ઉકેલવાના ઈસ્લામાબાદના પ્રયાસોના ભાગરૂપે ચીફ ઓફ આર્મી સ્ટાફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીરની આગેવાનીમાં એક પાકિસ્તાની પ્રતિનિધિમંડળ બુધવારે તેહરાન પહોંચ્યું હતું. સૈન્યની મીડિયા પાંખ, ઈન્ટર સર્વિસીસ પબ્લિક રિલેશન્સ (આઈએસપીઆર)એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, મુનીર એવા પ્રતિનિધિમંડળનો ભાગ છે જેમાં ગૃહમંત્રી મોહસિન નકવી પણ સામેલ છે. નિવેદનમાં જણાવાયું છે કે, "ફિલ્ડ માર્શલ અસીમ મુનીર

...અનુસંધાન પાના 8 પર

## પશ્ચિમ એશિયા સંકટ : માર્ચમાં ભારતની નિકાસ, વેપાર ખાધ ઘટી

**યુદ્ધને** કારણે મધ્ય પૂર્વના દેશોમાં નિકાસ 57.95% ઘટી

**ક્રૂડ** અને સોનાની આયાતમાં પણ મોટો ઘટાડો નોંધાયો

**નવી દિલ્હી, તા. 15 (PTI):** પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટને કારણે માર્ચ મહિનામાં ભારતની નિકાસમાં 7.44 ટકાનો મોટો ઘટાડો નોંધાયો છે, જે છેલ્લા પાંચ મહિનાનો સૌથી મોટો ઘટાડો છે. બુધવારે જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, માર્ચમાં નિકાસ ઘટીને 38.92 અબજ ડોલર થઈ છે. જોકે, આયાતમાં પણ 6.51 ટકાનો ઘટાડો થવાને કારણે વેપાર ખાધ ઘટીને નવ મહિનાની નીચી સપાટીએ એટલે કે 20.67 અબજ ડોલર પર પહોંચી ગઈ છે.

કોમર્સ સેક્રેટરી રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે, અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે મધ્ય પૂર્વના દેશોમાં ભારતની નિકાસમાં 57.95 ટકાનો ધરખમ ઘટાડો થયો છે. સામાન્ય રીતે ભારત દર મહિને આ પ્રદેશમાં 6 અબજ ડોલરની વસ્તુઓ મોકલે છે, પરંતુ યુદ્ધને કારણે સપ્લાય ચેઈન ખોરવાતા માર્ચમાં આ આંકડો ઘટીને માત્ર 2.5 અબજ ડોલર રહ્યો છે. ખાસ કરીને રત્ન અને આભૂષણો, ચોખા, એન્જિનિયરિંગ સામાન અને પેટ્રોલિયમ પેદાશોની નિકાસ પર ખરાબ અસર પડી છે. માર્ચમાં ક્રૂડ ઓઈલની આયાતમાં 35.91 ટકા અને સોનાની આયાતમાં 31.63 ટકાનો ઘટાડો નોંધાયો છે.

...અનુસંધાન પાના 8 પર

### તા. ૧૫-૦૪-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૭.૦° સે. | ૨૫.૬° સે. | ૫૨% |